**A. G. High School and G. & D. Parikh Higher Secondary School**

Navrangpura, Ahmedabad - 380 009.

**Preliminary Examination : 2014**

| | | |
|---|---|---|
| Date : 24-09-2014 | Std. : 12 | Marks : 100 |
| Day : Wednesday | Subject : Gujarati (SL) | Time : 3:00 Hrs. |


## SECTION : A

**નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :** **(03)**

1. રામે રાજપાટ શા માટે છોડ્યાં હતાં ?
2. કોની શિફારતથી મામાજીએ લેખકને માફી આપી ?
3. લેખકના મતે 'અંજળપાણી'નો શો અર્થ થાય છે ?

**નીચેના વિધાનો માટે કારણો આપો :** **(03)**

4. બા મરી ગઈ ત્યારે કુલીનને વસમું લાગતું હતું.
5. તખ્તેશ્વર પ્લૉટમાં લેખકે સૌથી પહેલાં સંસ્થાનું છાપરું બાંધવા વિચાર્યું.
6. જયંતે વહાણ અને આનંદે તરાપો પસંદ કર્યાં.

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં લખો :** **(08)**

7. મા-બાપની ઈચ્છા વિરુદ્ધ વર્તનાર યુવક-યુવતીએ કેવું વર્તન રાખવું જોઈએ ?
8. આનંદે ચંપાનગરીમાં શું શું જોયું ? તેણે કોને મળવાનો આગ્રહ રાખ્યો ?
9. લેખકને તેમના પર કટાક્ષ કરનારા પર ગુસ્સો શા માટે આવ્યો ?
10. બહેનના પ્રેમની કિંમત કુલીનને ક્યારે સમજાઈ ?

<u>અથવા</u>

ચાંદીનો પ્યાલો ક્યાં મુકાતો હતો ? તે ચોરાયાની ખાતરી સૌને ક્યારે થઈ ?

**નીચેના પ્રશ્નોના ઉત્તર દસ વાક્યોમાં લખો :** **(10)**

11. બાના મૃત્યુ પછી આશાએ ભાઈની સારસંભાળ કઈ રીતે લીધી ?
12. 'માજીનો પ્યાલો' વાર્તામાં નોકર પર પ્યાલો ચોર્યાનો વહેમ શા પરથી આવ્યો ? એ વહેમ શાથી પાકો થયો ?

<u>અથવા</u>

આનંદ અને જયંત વચ્ચે કઈ બાબતે સ્પર્ધા હતી ? તેનું શું પરિણામ આવ્યું ?

**નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :** **(04)**

13. ગોપીઓએ ક્યાં ક્યાં વસ્ત્રો પહેર્યાં છે ?
14. મીરાં એકમાત્ર કયા નામનું રટણ કરવા કહે છે ?
15. મામેરા માટે નરસિંહ મહેતાએ પોતાની સાથે કોને કોને લીધાં ?
16. કવિના મતે ફૂલ વીણવામાં વિલંબ થવાથી શું થશે ?

**નીચેની કાવ્યપંક્તિઓને યોગ્ય વિકલ્પ દ્વારા પૂર્ણ કરો :** (02)

17. રવિ એ પણ અસ્ત થવા ઢળશે,
    નમતાં શિર સૌ કુસુમો કરશે,
    - પછી ગંધ પરાગ નહીં મળશે.
    - ઘડી બે ઘડીમાં મરતી દીસશે.

18. કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
    - ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !
    - ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં લખો :** **(06)**

19. મીરાં કડવો લીમડો ઘોળવાની શા માટે ના પાડે છે ?
20. નરસિંહ મહેતાને આવેલા જોઈ ગામલોકે શી ટીકા કરી ?
21. શ્રીમંતો અને ગરીબોના રહેઠાણમાં કઈ ભિન્નતા દર્શાવાઈ છે ?

**<u>અથવા</u>**

કવિ એકતારા દ્વારા કઈ રીતે મસ્ત રહેવા માગે છે ?

**નીચેના પ્રશ્નોના ઉત્તર સાતથી આઠ વાક્યોમાં લખો.** **(08)**

22. 'જનની' કાવ્યને આધારે જનનીનો અજોડ પ્રેમ વર્ણવો.
23. 'કુંવરબાઈનું મામેરું' કાવ્યને આધારે નરસિંહ મહેતાની વહેલનું વર્ણન કરો.

## <u>SECTION : B</u>

**નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :** **(03)**

24. ખોખલો
25. વ્યોમ
26. નૃપાલ

**નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :** **(03)**

27. સ્વતંત્ર x
28 પ્રેમ x
29. ભરતી x

**નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો :** **(03)**

30 પરમેશ્વર
31 મિષ્ટાન્ન
32 મહાલય **<u>અથવા</u>** દુષ્કૃત્ય

**નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.** **(03)**

33 એક બળદ કે ઘોડાથી ખેંચાતું વાહન
34. ભણવામાં કાચો વિદ્યાર્થી
35 ગોળ છાપરાવાળું ઘાસનું ઝૂંપડું

**નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો :** **(02)**

36. ગળે વાત ઊતરવી
37. નજર આગળથી દૂર કરવું <u>**અથવા**</u> કપાળે ચોંટવું

**નીચે આપેલ કહેવતનો અર્થ સમજાવો :** **(01)**

38. જ્યાં જાય ઉકો ત્યાં દરિયો સૂકો <u>**અથવા**</u> ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન

**સમાસ ઓળખાવો :** **(01)**

39 હરામખોર

**નીચે આપેલ શબ્દોમાંથી દ્વિરુક્ત પ્રયોગ કયો છે અને રવાનુકારી પ્રયોગ કયો છે તે બતાવો :** **(02)**

40 દડદડ

41 કૂદાકૂદ

## <u>SECTION : C</u>

42 **નીચે આપેલ ગદ્યાંશનો ૧/૩ (એક તૃતીયાંશ) સાર લખો :** **(05)**

જીવનમાં ડગલે ને પગલે આત્મવિશ્વાસની જરૂર પડે છે. પોતાની જાતમાં, પોતાના જ્ઞાનમાં, પોતાના કર્તવ્ય વિશ્વાસ હોવો એટલે આત્મવિશ્વાસ. ક્રિકેટની રમતમાં દડાને આત્મવિશ્વાસથી ફટકારનાર ચોગ્ગો અને છગ્ગો લગાવી લોકોની તાળીઓનો ગડગડાટ મેળવે છે. કબડ્ડીની રમતમાં પ્રતિસ્પર્ધીના પગને આત્મવિશ્વાસથી જકડી લેનાર વિજયનો હકદાર બને છે. આત્મવિશ્વાસથી ભાષણ કરનાર વક્તા શ્રોતાઓના અભિવાદનનો અધિકારી બને છે. આત્મવિશ્વાસ વીરતાનો સાર છે. આત્મવિશ્વાસથી એક પગથિયું ઉપર ચડતાં આત્મશ્રદ્ધા નામના તત્ત્વનું દર્શન થાય છે. આત્મશ્રદ્ધા એ આજીનબાહુ પુરુષાર્થની ટચલી આંગળી છે, જે ગમે તેવા સંકટના ગોવર્ધન પર્વત નેય તોડી શકે છે, ઊંચે ઊઠાવી શકે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે, ''આત્મશ્રદ્ધામાં એક એવી પ્રબળ અને અનન્ય શક્તિ છે, જે પાણીને ઘીમાં અને રેતીને ખાંડમાં ફેરવી શકે છે.

**નીચે આપેલ પદ્યાંશનો ભાવાર્થ સ્પષ્ટ કરો :** **(08)**

43 વરસ્યો જોઈને વાડ, મેહુલિયો શા કામનો,
મોટો લાગ્યો તાડ, ઢાંકે નહિ નિજ પંડને.

44. વિપત પડે ના વલખીએ, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

**નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :** **(05)**

અસ્ત થતાં રવિ પૂછતો અવનિને:
'સારશે કોણ કર્તવ્ય મારાં ?'
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં.

તે સમે કોડિયું એક માટી તણું,
ભીડને કોક ખૂણેથી બોલ્યું.
'મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ !
એટલું સોંપજો, તો કરીશ હું.'

પ્રશ્નો :

45 અસ્ત થાતાં રવિ (સૂર્ય) કોને શો પ્રશ્ન પૂછે છે ?

46 રવિ (સૂર્ય)નો પ્રશ્ન સાંભળી સહુની કેવી મનઃસ્થિતિ થઈ ?

47 ભીડના કોક ખૂણેથી કોણ બોલ્યું ?

48 'મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ ! એટલું સોંપજો, તો કરીશ હું'નો અર્થ સમજાવો.

49. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

## SECTION : D

**50. નીચે આપેલ વિષય પર આશરે વીસ વાક્યોમાં નિબંધ લખો. (કોઈ પણ એક)** **(08)**

1. **જનતા : લોકશાહીનું સાચું બળ :**
   પ્રસ્તાવના - લોકશાહીની સંકલ્પના ને અર્થ - લોકશાહીનું સાચું બળ - પ્રજા યાને જનતા !.. લોકશાહીમાં જનતાની જવાબદારી - લોકશાહીમાં જાગૃત નાગરિકોની અનિવાર્યતા - લોકશાહીની સફળતાના ચાર પાયા - ઉપસંહાર.
2. **કન્યાને ભણાવો; દીકરીને બચાવો !**
   પ્રસ્તાવના - કન્યાકેળવણી દ્વારા સમાજની સુધારણા - વર્તમાન યુગમાં સ્ત્રીની ભૂમિકા - નારી ! પુરુષ સમોવડી - ઉપસંહાર.
3. **દાણચોરી : દેશનું કલંક :**
   પ્રસ્તાવના - પ્રેરક તત્ત્વ - કારણો - કોણ કોણ કરે છે - સમાજને હાનિ - રાજકીય જીવનની કલુષિતતા - આર્થિક આંધી - દેશને થતી હાનિ - સરકારનાં પગલાં.

**51 નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો :** **(04)**

મુદ્દા : અંધ યુવાન - વનમાં ચાલ્યા જવું - મંદિરમાં કઠોર તપ આદરવું - પ્રભુનું પ્રસન્ન થવું - વરદાન માગવા કહેવું - 'સમૃદ્ધિ ભોગવતા મારા પૌત્રને જોઉં' એવું વરદાન માગવું - દૃષ્ટિ, વૈભવ અને દીર્ઘાયુ માટે ઈશ્વરની કૃપા મેળવી - બોધ.

**નીચેની પંક્તિઓનો વિચાર-વિસ્તાર સમજાવો :** **(04)**

52. પ્રભુએ તો સરજેલું છે સુખ,
મન મનનું ખોળી લે છે દુઃખ.

53. મન મેલાં તન ઊજળાં, બગલા કપટી અંગ;
તેથી તો કાગા ભલા, તન-મન એક જ રંગ

**54.** તમારા વિસ્તારમાં ગંદકીને કારણે પેદા થયેલ મચ્છરોના ત્રાસ અંગે અને ગંદકી દૂર કરવા અંગે યોગ્ય અધિકારીને ફરિયાદ કરતો પત્ર લખો : **(04)**

• • •